# હર હર મોદીના નારાથી પ્રચંડ વિવાદ

*નવી દિલ્હી,તા.૨૩*

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી માટે લગાવવામાં આવી રહેલા હર હર મોદીના નારાને લઇને જોરદાર વિવાદ ઉભો થઇ ગયો છે. આરએસએસ દ્વારા પણ આને લઇને નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. દ્વારકા અને જ્યોતિષ પીઠના શંકરાચાર્ય જગદગુરૂ સ્વરુપાનંદ સરસ્વતીએ નારા ઉપર વાંધો ઉઠાવીને સંઘ પ્રમુખ મોહન ભાગવત સાથે વાત કરી છે. સ્વરુપાનંદનું કહેવું છે કે,



ભાગવતે પણ એવી કબૂલાત કરી છે કે, આ નારો યોગ્ય નથી. આ નારો યોગ્ય નથી. ભાગવત આ નારા પર રોક લગાવવા માટે રાજનાથસિંહ સહિત ભાજપના સિનિયર નેતાઓ સાથે વાતચીત કરનાર છે. સ્વામી સ્વરુપાનંદ અને મોહન ભાગવતની વાતચીતના થોડા સમય બાદ જ ભાજપે સત્તાવાર નિવેદન જારી કર્યું હતું. ભાજપે કહ્યું હતું કે, હર હર મોદી એ અમારો નારો નથી. અમારો નારો છે આ વખતે મોદી સરકાર. શંકરાચાર્ય સ્વરુપાનંદ સરસ્વતી પહેલાથી જ મોદીને પત્ર લખીને નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે. સ્વરુપાનંદનું કહેવું છે કે, આ નારો હર હર મહાદેવ અને હર હર ગંગે માટે લગાવવામાં આવે છે. કોઇ વ્યક્તિ સાથે આ નારાને જોડવાથી લોકોની ધાર્મિક ભાવનાઓને અસર થાય છે. સ્વરુપાનંદનું કહેવું છે કે, આ પ્રકારના નારાથી ભગવાનનું પણ અપમાન થઇ રહ્યું છે. સ્વરુપાનંદ સરસ્વતીનું કહેવું છે. ગોલવલકરના પુસ્તક વિચાર નવનીતમાં વ્યક્તિ પૂજાને આરએસએસના સિદ્ધાંતની વિરુદ્ધમાં દર્શાવવામાં આવી છે. જો આરએસએસના કાર્યકરો પણ નરેન્દ્ર મોદીની પૂજા કરી રહ્યા છે તો આ લોકો પોતે સંઘના સિદ્ધાંતોનો ભંગ કરી રહ્યા છે. શંકરાચાર્ય સ્વરુપાનંદ કોંગ્રેસના નજીકના હોવાનું જાણવા મળ્યું છે. કોંગ્રેસ મહાસચિવ દિગ્વિજયસિંહ પણ સ્વરુપાનંદના શિષ્ય રહી ચુક્યા છે. સ્વરુપાનંદ સરસ્વતી સ્વતંત્રતા સંગ્રામ સૈનાની પણ રહી ચુક્યા છે.

### ટ્વિટર ઉપર નરેન્દ્ર મોદીની સમર્થકોને અપીલ

## હર હર મોદીના નારાનો ઉપયોગ ન કરવાની અપીલ

**ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ હર હર મોદીના નારાને લઈને વિવાદ ઉભા થયા બાદ તરત જ પ્રતિક્રિયા આપી છે. નરેન્દ્ર મોદીએ પોતે સોશિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર ઉપર જણાવ્યું છે કે, સમર્થકોની અંદર જે ઉત્સાહ છે તેનું તેઓ સન્માન કરે છે પરંતુ હવે તેઓ હર હર મોદીના નારાનો ઉપયોગ ન કરે તે જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપે પણ આ અંગે ખુલાસો કર્યો છે. શંકરાચાર્ય સ્વરુપાનંદ સરસ્વતીના વાંધા બાદ ભાજપ બેકફૂટ ઉપર છે. મોદીએ પણ સમર્થકોને આ નારાનો ઉપયોગ ન કરવા કહ્યું છે. જે નારો આપવામાં આવ્યો છે તે હિન્દુ માન્યતાની વિરુદ્ધમાં હોવાની વાત કરવામાં આવી છે. પાર્ટી પ્રવક્તા નિર્મલા સીતારામને કહ્યું છે કે, હર હર મોદી ભાજપનો નારો નથી.**

## નાણાં ખાતુ નવા ચહેરાને જ સોંપાય તેવી સંભાવના

નવી દિલ્હી,તા.૨૩

કેન્દ્રમાં નવી સરકાર બન્યા બાદ નાણામંત્રી કોણ બનશે તેને લઈને ભારે ચર્ચા છેડાયેલી છે. એનડીએ કેન્દ્રમાં સત્તાવામાં આવવાની સ્થિતિમાં અરુણ જેટલીને મોટી જવાબદારી સોંપવામાં આવી શકે છે. અરુણ જેટલી ભાજપની ટિકિટ ઉપર અમૃતસરમાંથી ચૂંટણી મેદાનમાં છે. અર્થતંત્રને લઈને ભારે ચર્ચા છેડાયેલી છે. એશિયાના ત્રીજા સૌથી મોટા અર્થતંત્રની જવાબદારી નાણાંમંત્રી તરીકે કોણ સંભાળશે તેને લઈને ભારે ચર્ચા છે. ભાજપ પાસે ઘણા એવા નેતા છે જે નાણાંમંત્રી બનવાની ક્ષમતા ધરાવે છે જેમાં અરુણ જેટલી ઉપરાંત યશવંતસિંહાનો પણ સમાવેશ થાય છે. ૧૯૯૧ બાદથી સુધારા પ્રક્રિયા શરૂ થયા પછી મનમોહનસિંહ, ચિદમ્બરમ, પ્રણવ મુખરજી, યશવંતસિંહા, જશવંતસિંહ નાણામંત્રી રહી ચુક્યા છે. એક પ્રધાન બનવા માટે લોકસભાની ચૂંટણી જીતવી જરૂરી નથી. નવી સરકાર એવી વ્યક્તિને પણ આ મહત્વપૂર્ણ ખાતુ સોંપી શકે છે જે વ્યક્તિએ ક્યારેય આવા ખાતા સંભાળ્યા નથી. વાજપેયી સરકારમાં અગાઉ ડિસઈન્વેસ્ટમેન્ટ ખાતુ સંભાળી ચુકેલા અરુણ શોરીનું નામ પણ ચર્ચામાં છે. યશવંતસિંહા પણ ભાજપમાં શક્તિશાળી દાવેદાર છે. યશવંતસિંહાએ હજુ સુધી આ સંદર્ભમાં કોઈ વાત કરી નથી.

## એએપીની કોઈ અસર ચૂંટણીમાં દેખાશે નહીં

નવી દિલ્હી,તા.૨૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વાણિજ્ય અને ઉદ્યોગપ્રધાન આનંદ શર્માએ આજે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીની કોઈ અસર લોકસભાની ચૂંટણીમાં દેખાશે નહીં. કોંગ્રેસ નક્કરપણે માને છે કે, દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યા બાદ સામાન્ય ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો દેખાવ નબળો રહેશે. લોકો તેમની રણનીતિને જાણી ચુક્યા છે. આમ આદમી પાર્ટીએ ૭૦ સભ્યોની દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ૨૮ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. નવ તબક્કામાં યોજાનાર લોકસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કાની શરૂઆત સાતમી એપ્રિલે થશે. ૧૬મી મેના દિવસે મતગણતરી યોજાશે. એએપી વ્યવસ્થામાં માનનાર લોકો નથી પરંતુ વ્યવસ્થાને તોડનાર લોકો છે. તેમની પાસે કોઈપણ વિકલ્પો નથી. અણ્ણ હઝારેના લીધે તેમને લોકપ્રિયતા મળી હતી. રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી સામે પણ એએપી ઉમેદવાર ઉતારનાર છે.

**૧૫૦૦ કરોડનું જંગી રોકાણ કરાશે**

## તાતા નવી ટ્રક-બસ ઉપર જંગી રોકાણ કરવા તૈયાર

નવીદિલ્હી,તા.૨૩

તાતા મોટર્સ આગામી નાણાંકીય વર્ષમાં ૧૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની તૈયારીમાં છે. તેના વાણિજ્ય વાહનોના સેગ્મેન્ટ માટે નવી પ્રોડક્ટ અને ટેકનોલોજી વિકસિત કરવાના હેતુસર જંગી રોકાણ કરવામાં આવનાર છે. નવી ટ્રક અને બસ ઉપર ૧૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. વાણિજ્ય વાહનોના વેચાણમાં હાલ મંદી જોવા મળી રહી છે. તાતાના સ્થાનિક વાણિજ્ય વાહનોના વેચાણમાં ૪૯ ટકાનો ઘટાડો ગયા મહિને થયો હતો. પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં વધુ સુધારો કરવાના હેતુસર ફંડનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવશે. તાતા મોટર્સના કારોબારી ડિરેક્ટર રવિએ માહિતી આપતા કહ્યું છે કે, અમારી કેપેક્સ એક વર્ષ દરમિયાન સામાન્ય રીતે ૧૨૦૦થી ૧૫૦૦ કરોડ વચ્ચે રહે છે. નવી પ્રોડક્ટ, ડિઝાઈન અને ટેકનોલોજી વિકસિત કરવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ક્ષમતા વિસ્તરણ ઉપર કોઈ રોકાણ કરવાનો તેમણે ઈન્કાર કર્યો હતો. તાતા મોટર્સ તેની કારના વેચાણને વધારવા માટેની પણ યોજના ધરાવે છે. આના માટે નવી પ્રોડક્ટ અને ટેકનોલોજી પણ વિકસિત કરવામાં આવશે.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

એ પછી તો અનેક સભાઓને એમણે સંબોધી ઘણાં સરઘસોની આગેવાની લીધી. આશ્રમમાં રહેવા આવનારા અનેકોની સગવડો સાચવી.

એમની પરિપક્વતાની આકરી કસોટી તો ત્યારે થઇ જયારે મોટા પુત્ર હરિલાલે શરાબખોરી શરૂ કરી, ધર્માન્તર કર્યું. ગાંધીજીનો વિરોધ કરવા માંડ્યો. એમને ગાળો દેવા માંડી. ગાંધીજીનું બૂરૂં ચાહનારા લોકોને આથી ભાજે મોજ પડી ગઇ.

એ વખતે કસ્તુરબાને નાના પુત્ર દેવદાસને હાથે જે પત્ર લખાવ્યો તે ખરેખર યાદગાર છે. એ બોલતા ગયા અને દેવદાસ લખતા ગયા. એક દીકરો, અને એ પણ ૫૦ની ઉંમરનો, સાવ વંઠી જાય ત્યારે માતા કેટલી વેદના અનુભવે એ તો એ પત્રમાં નિરૂપાયું જ છે, પરંતુ વધારે તો પતિની, પરિવારની, સ્વાતંત્ર્ય આંદોલનની અને દેશની ચિંતા એ પત્રમાં વ્યક્ત થઇ છે. આ સાથે જ કસ્તુરબાએ હરિલાલનું ધર્માન્તર કરનારાઓને પણ પત્ર લખાવ્યો છે એ પત્ર એમની પ્રૌઢતાના વિશેષ પુરાવારૂપ છે. એમણે લખ્યું છે કે તમે જે કર્યું એમાં તમારો કોઇ મોટો દોષ નથી, પરંતુ જે છોકરાનું દિમાગ ઠેકાણે નથી અને જે નશામાં રહે છે, એને તમારા ધર્મની દીક્ષા આપવાથી તમારા ધર્મને કશો લાભ નથી. આ છોકરાને તમારા ધર્મના એકેય સિદ્ધાંતની સમજણ નથી.

અમને ઘણીવાર વિચાર આવે છે. આટલા સહકારી અને સહાયકારી પત્ની મળ્યા ન હોય તો મહાત્માજી જે કક્ષો પહોંચ્યા ત્યાં પહોંચ્યા હોત ખરાં ?

*- વુમન ભાસ્કરની પૂર્તિના આધારે*

## ઈન્ડિયન મુજાહીદીનના ચાર ખતરનાક આતંકવાદીઓની ધરપકડ

નવી દિલ્હી,તા.૨૩

રાજસ્થાનમાં લોકસભાની ચૂંટણી પહેલાં ઈન્ડિયન મુજાહીદીનના ચાર ખતરનાક આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી ૫૦ કિલો વિસ્ફોટક સામગ્રી જપ્ત કરવામાં આવી છે. દિલ્હી પોલીસના સૂત્રોના જણાવ્યા મુજબ એક મોટી ઘાટ ટળી ગઈ છે. વિસ્ફોટકો ઉપરાંત તેમની પાસેથી સર્કિટ પણ જપ્ત કરાતા ચકચાર મચી ગઈ છે. આજે ઝડપાયેલા ચાર આતંકવાદીઓ પૈકી વકાસ અને મારુફ નામના શખ્સને જયપુરમાંથી પકડી પાડવામાં આવ્યા છે જ્યારે શકીબને જોધપુરમાંથી પકડી પાડવામાં આવ્યો છે. વકાસ ઉપર મોદીની પટણા રેલી ઉપર બ્લાસ્ટ કરવાનો પણ આરોપ છે. દિલ્હી અને રાજસ્થાન પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આતંકવાદીઓની ધરપકડ કરી છે. જયપુરના આઠ સ્થળો ઉપર આ આતંકવાદીઓની નજર હતી. મોટી માત્રામાં મોતનો મસાલો પણ કબજે કરવામાં આવ્યો છે. લોકસભાની ચૂંટણી પહેલાં



હુમલા કરવાની ખતરનાક યોજના હોવાની ચોંકાવનારી માહિતી મળતાં તંત્રમાં ભાગદોડ મચી ગઈ છે. તેમની પાસેથી મળી આવેલા હથિયારોમાં કેટલાક ઘાતક હથિયારો પણ છે. ચોક્કસ બાતમીના આધારે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના અધિકારીઓ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી છે. પરંતુ સૂત્રોનું કહેવું છે કે ઝડપાયેલાઓમાં ભારતમાં અનેક આતંકવાદી હુમલામાં ભૂમિકા ભજવનાર આઈએમના ટોચના કમાન્ડર વકાસનો પણ સમાવેશ થાય છે. સૂત્રોએ કહ્યું છે કે આતંકવાદીઓ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવવાની યોજના ધરાવતા હતા. તેમની પાસેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટકો અને હથિયારો કબજે કરવામાં આવ્યા છે. ૨૪ વર્ષીય વકાસ પાકિસ્તાન શખસ છે તે ૨૦૧૦ના પ્રથમ વખત ભારતમાં આવ્યો હતો. તેની સાથે ઝડપાયેલાઓમાં અસાદુલ્લા અખ્તર ઉર્ફે હડ્ડીની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. તે યાસીન ભટકલની સાથે ઝડપાઈ ગયો હતો. બોમ્બ બનાવવામાં નિષ્ફળ ગણાતા વકાસે સપ્ટેમ્બર ૨૦૧૦માં જામા મસ્જિદ શૂટઆઉટ, ડિસેમ્બર ૨૦૧૦માં વારાણસી બોમ્બ બ્લાસ્ટ, જુલાઈ ૨૦૧૧માં મુંબઈ સિરીયલ બ્લાસ્ટ, ઓગસ્ટ ૨૦૧૨માં પૂણે બ્લાસ્ટ અને ગયા વર્ષે ફેબ્રુઆરીમાં હૈદરાબાદમાં ટ્વીન બ્લાસ્ટમાં ભૂમિકા ભજવી હતી. કેટલાક રાજ્યોમાં દરોડા પાડવામાં આવ્યા હતા પરંત આ આતંકવાદીઓ રાજસ્થાનમાં ફરાર થઈ ગયા હતા. કેન્દ્રીય ઈન્ટલિજન્ટ સંસ્થાઓની સાથે મળીને સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. દિલ્હી પોલીસ હવે કેન્દ્રીય ગૃહમંત્રાલયને અહેવાલ સુપરત કરનાર છે.

## કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો ૨૬મીએ જારી : રોજગાર ઉપર ભાર મુકાશે

નવીદિલ્હી,તા.૨૩

લોકસભાની ચૂંટણી બિલકુલ નજીક પહોંચી ગઈ છે ત્યારે કોંગ્રેસ પાર્ટી ૨૬મી માર્ચના દિવસે ચૂંટણી ઢંઢેરો જારી કરનાર છે. વડાપ્રધાન મનમોહનસિંઘ, પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધી સહિત પક્ષના ટોચના નેતાઓની ઉપસ્થિતિમાં નવી દિલ્હીમાં એઆઈસીસીના વડા મથક ખાતે એક કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી ચૂંટણી ઢંઢેરો જારી કરશે.



ચૂંટણી ઢંઢેરામાં કેટલાક નવા મુદ્દાઓને આવરી લેવાશે અને લોકોને શ્રેણીબદ્ધ વચનો આપવામાં આવશે. ચૂંટણી ઢંઢેરામાં આરોગ્ય અને રોજગાર માટે નવા અધિકાર આધારિત કાયદાનું વચન આપવામાં આવે તેવી શક્યતા છે. ઉપરાંત ચૂંટણી ઢંઢેરામાં રોજગારી વધારવા અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નવા પ્રાણ ફૂંકવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કોંગ્રેસ પાર્ટીની ચૂંટણી ઢંઢેરા સમિતિનું નેતૃત્વ વરિષ્ઠ નેતા એકે એન્ટોની દ્વારા કરવામાં આવી રહ્યું છે. એન્ટોનીએ તાજેતરમાં જ આ દસ્તાવેજને આખરી ઓપ આપી દીધા બાદ કવાયત ચાલી રહી છે. જુદા જુદા વર્ગો સાથે વ્યાપક વાતચીત કર્યા બાદ ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવામાં આવ્યો છે. રાહુલ સાથે ઘણા બધા જૂથના લોકો સીધી રીતે વાતચીત કરી ચુક્યા છે. કોંગ્રેસની ચૂંટણી ઢંઢેરા સમિતિમાં ઘણા ટોચના નેતાઓને પણ સામેલ કરવામાં આવી ચુક્યા છે. કોંગ્રેસ પાર્ટી મનરેગા, ફુડ સિક્યુરિટી, આરટીઆઈની જેમ જ હવે અધિકાર આધારિત કાયદો લાવશે. આરોગ્ય અને રોજગાર સેક્ટર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ આરોગ્ય અને રોજગારીને મુખ્ય મુદ્દા બનાવવાની તૈયારીમાં છે. મહિલાઓની સુરક્ષાનો મુદ્દો સપાટી ઉપર આવી ચુક્યો છે ત્યારે પાર્ટીને તમામ જિલ્લાઓમાં ઓછામાં ઓછી ૬ મહિલા પોલીસ સ્ટેશન બનાવવાની જોગવાઈ જેવા સૂચનો કરવામાં આવી ચુક્યા છે. પોલીસ અને ન્યાયતંત્રમાં મહિલાઓ માટે ૨૦ ટકા અનામતની ભલામણ કરવામાં આવે તેવી પણ વકી છે. એવું જાણવા મળ્યું છે કે, મહિલા કોંગ્રેસ આ સંદર્ભમાં શ્રેણીબદ્ધ સૂચનો રજૂ કરી ચુકી છે. પાર્ટી ખાનગી સેક્ટરોમાં કેટલાક હકારાત્મક પગલા રજૂ કરવાની પણ યોજના ધરાવે છે. સરકારી નોકરી મળી રહી નથી ત્યારે ખાનગી સેક્ટરને પ્રોત્સાહન આપવામાં આવે તેવી વકી છે. ૨૦૨૦ સુધી યુવાનો માટે ૧૦ કરોડ નવી નોકરીની તકો સર્જવાના પ્રયાસ પણ કરવામાં આવશે. રાહુલ ૭૦ કરોડ લોકોને લઘુત્તમ નાણાંકીય સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો ઈરાદો ધરાવે છે. મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગોની સ્થિતિ સુધારવા માટે કેટલાક પગલા જાહેર કરાય તેવી વકી છે. સમાજના જુદા જુદાવર્ગો માટે કોંગ્રેસ પેટા ઢંઢેરા પણ બનાવશે.

## ૨૦ સેટેલાઇટ ફોનની આપવા બિહારની માંગ

નવી દિલ્હી,તા.૨૩

લોકસભાની ચૂંટણી માટે બિહાર પોલીસે ૨૦ સેટેલાઈટ ફોનની માંગણી કરી છે. સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે ચૂંટણી પંચ દ્વારા તમામ પગલા લેવાઈ ચુક્યા છે. હવે બિહાર પોલીસે પણ ૨૦ સેટેલાઈટ ફોનની માંગણી કરી છે. બિહાર પોલીસનું કહેવું છે કે, સેટેલાઈટ ફોનની મદદથી તમામ બાબતો ઉપર ઝીણવટભરી રીતે નજર રાખી શકાશે. લોકસભાની ચૂંટણીને સ્વતંત્રરીતે પાર પાડવા ચૂંટણી પંચે કમર કસી છે. બિહારમાં અસામાજિક તત્વોની સંખ્યા પણ રહેલી છે. આવી સ્થિતિમાં બિહાર પોલીસે સેટેલાઈટ ફોનની માંગણી કરે છે. બિહાર પોલીસે માઓવાદીગ્રસ્ત લોકસભા મતવિસ્તારમાં ઉપયોગ માટે કેન્દ્રીય ગૃહમંત્રાલય પાસેથી સેટેલાઈટ ફોનની માંગ કરી છે. આ સંદર્ભમાં મંત્રાલયને એક પત્ર પણ મોકલી દેવામાં આવ્યો છે. બિહાર પોલીસ પાસે હજુ સુધી કોઈપણ સેટેલાઈટ ફોન નથી. બિહાર પોલીસને અન્ય રાજ્યોના સેટેલાઈટ ફોન ઉપર આધાર રાખવાની ફરજ પડે છે.

## બીજાના નિયમો પર ચાલતી જ નથી : પ્રિયંકા ચોપડા

મુંબઈ, તા.૨૩

બોલિવુડ ફિલ્મોમાં ભારે લોકપ્રિયતા મેળવનાર પ્રિયંકા ચોપડાનું કહેવું છે કે તે બીજા દ્વારા બનાવવામાં આવેલા નિયમો પર ચાલતી નથી. બોલિવુડની ફિલ્મો અને આંતરરાષ્ટ્રીય સંગીત કેરિયરની સાથે પ્રિયંકા ચોપડા એક સાથે ઘણા કામોમાં વ્યસ્ત બનેલી છે. પરંતુ તે પોતાના તમામ કામોને યોગ્યરીતે ન્યાય આપી રહી છે. પ્રિયંકા ચોપડાની ગુંડે ફિલ્મ હવે ટૂંક સમયમાં જ રજુ થવા જઈ રહી છે. આ વર્ષની પોતાની પ્રથમ ફિલ્મ ગુંડેના પ્રચારમાં પ્રિયંકા વ્યસ્ત બનેલી છે. હવે તે ટૂંક સમયમાં જ તેની નવી ફિલ્મ મેરીકોમના શુટિંગમાં વ્યસ્ત થશે. આ ઉપરાંત એપ્રિલ સુધી તે પોતાના સિંગલ આલ્બમને લાવવાની યોજના પણ બનાવી રહી છે. તેનું કહેવું છે કે મુશ્કેલરૂપ ભૂમિકાઓ અને ઘણી સારી બાબતોને લઈને તે હંમેશા રોમાંચિત રહે છે.

પ્રિયંકાનું કહેવું છે કે તે એક પ્રકારની ભૂમિકા કરી કરીને થાકી જાય છે. આ જ કારણસર તે જુદી જુદી ભૂમિકાઓની ફિલ્મો વધારે પસંદ કરે છે. અગ્નિપથ, બરફી અને ગુંડે જેવી ફિલ્મો આનો સંકેત આપે છે. તેને વિવિધતા ખૂબજ પસંદ છે. પ્રિયંકાનું કહેવું છે કે તે બીજાના દ્વારા બનાવવામાં આવેલા નિયમો પર ચાલતી નથી. પોતાના નિયમ પોતે બનાવે છે. ૩૧ વર્ષીય ભૂતપૂર્વ વિશ્વસુંદરી ૧૭ વર્ષની વયથી કામ કરી રહી છે. પ્રિયંકાનું એમ પણ કહેવું છે કે ગયા વર્ષે તેની ફિલ્મ ક્રિસ-૩ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. તે ૨૦૦ કરોડની કમાણી કરી ચુકી છે. આ અગાઉ તે બરફી અને અગ્નિપથ જેવી ફિલ્મ પણ કરી ચુકી છે. છેલ્લા બે વર્ષથી તેની ફિલ્મો ધૂમ મચાવી રહી છે.

**આજે બાડમેરમાંથી ઉમેદવારી પત્ર ભરશે**

## નારાજ જસવંતસિંહ અપક્ષ તરીકે ચૂંટણી લડવા તૈયાર

જયપુર,તા.૨૩

ભાજપની ટિકિટ નહીં મળતાં લાલઘૂમ થયેલા અને આક્ષેપબાજી કરી રહેલા વરિષ્ઠ નેતા જસવંતસિંહે બાડમેરમાંથી અપક્ષ ઉમેદવાર તરીકે આવતીકાલે ઉમેદવારી પત્ર ભરવાની જાહેરાત કરી દીધી છે. જસવંતસિંહે આજે સવારે કહ્યું હતું કે તેઓ આવતીકાલે બાડમેરમાંથી ઉમેદવારી પત્ર દાખલ કરશે. તેમને એમ પણ કહ્યું હતું કે તેઓ કોઈ એવી કોઈ ટેબલ કે ખુરશી નથી જેને કોઈપણ જગ્યાએ ગોઠવી શકાય છે. ટિકિટ નહીં આપવાની બાબત અપમાન સમાન છે. ગોઠવણીની રાજનીતિમાં તેઓ માનતા નથી. લોકસભાની ચૂંટણી માટેની ટિકિટ નહીં મળવાને લઈને નારાજ જસવંતસિંહે ભાજપની નેતાગિરી ઉપર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે વાસ્તવિક અને બનાવટી ભાજપ વચ્ચે અંતર કરવાની જરૂર છે. ભાજપની અંદર હાલમાં જે પ્રવૃત્તિ ચાલી રહી છે તેની વિચારધારા મુજબ નથી. જસવંતસિંહ ભાજપ સાથે છેડો પણ ફાડી શકે છે. ૭૬ વર્ષીય નેતા લોકસભામાં દાર્જલિંગ બેઠકનું પ્રતિનિધીત્વ કરી રહ્યા છે. તેમને કહ્યું છે કે વાસ્તવિક અને બનાવટી ભાજપ વચ્ચે અમે અંતર કરીએ છીએ. ભાજપના સ્થાપક પૈકીના એક એવા જસવંતસિંહે કહ્યું હતું કે ભાજપની મૂળભૂત વિચારધારા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેના ઉપર હવે અતિક્રમણ કરવામાં આવી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે જસવંતસિંહ પક્ષના વરિષ્ઠ નેતા છે અને તેમને ટિકિટ નહીં મળતા ભારે હોબાળો મચેલો છે. જસવંતસિંહ અગાઉ ટિકિટ ફાળવણીના મુદ્દે ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન અડવાણીએ પણ વાંધો ઉઠાવ્યો હતો. અડવાણીએ આની સામે નારાજગી વ્યક્ત કરીને ભોપાલમાંથી ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો કે છેલ્લી ઘડીએ અડવાણીને મનાવી લેવામાં આવ્યા હતા અને અડવાણી હવે ગાંધીનગરથી ચૂંટણી લડવા તૈયાર થયા છે.

**કેન્દ્રમાં સ્થિર સરકારની આશા ઉજળી બની**

## શેરબજારમાં FII મારફતે ૯,૬૦૦ કરોડ ઠલવાયા

**વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારો દ્વારા ભારતીય શેરબજારમાં વિશ્વાસ અકબંધ રહ્યો છે. એફઆઈઆઈ દ્વારા માર્ચ મહિનામાં ભારતીય શેરબજારમાં ૯૬૦૦ કરોડનું જંગી રોકાણ કર્યું છે. વિદેશી રોકાણકારોએ આ મહિનામાં હજુ સુધી શેરબજારમાં જંગી રકમ ઠાલવી છે. આગામી મહિનાની શરૂઆત બાદથી સ્થિતિમાં સુધારો થશે. સામાન્ય ચૂંટણી બાદ કેન્દ્રમાં સ્થિર સરકાર આવશે તેવી આશા પણ દેખાઈ રહી છે. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ૫૯૨૯૬ કરોડની કિંમતના શેર ખરીદી લીધા છે. જ્યારે ૨૧મી માર્ચ સુધીના ગાળામાં ૫૯૬૯૯ કરોડની કિંમતના શેર વેચી દેવામાં આવ્યા છે. જેના પરિણામ સ્વરૂપે નેટ પ્રવાહ ૯૫૯૭ કરોડનો રહ્યો છે. સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયાના નવા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. એફઆઈઆઈ દ્વારા આ ગાળા દરમિયાન ડેપ્ટ માર્કેટમાં ૧૨૮૧૬ કરોડ રૂપિયા ઠાલવવામાં આવ્યા છે. માર્કેટ નિષ્ણાંતોના જણાવ્યા મુજબ દેશના વર્તમાન ખાતાકીય ખાધને આંકડામાં ઘટાડો થઈ રહ્યો છે. અમેરિકી ડોલરની સામે રૂપિયો સ્થિર થઈ રહ્યો છે. જો કે લોકસભાની ચૂંટણી નજીક હોવાથી તમામનું ધ્યાન ચૂંટણી ઉપર કેન્દ્રીત થઈ ગયું છે. જાણકાર લોકોનું કહેવું છે કે એફઆઈઆઈ દ્વારા નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર ઉપર જંગી નાણાં રોકવામાં આવી રહ્યા છે. નાણાંપ્રધાન પી ચિદમ્બરમ્ પહેલાથી જ કહીં ચૂક્યા છે કે વર્તમાન ખાતાકીય ખાધ અને મહેસૂલી ખાધ એમ બંને નિયંત્રણ હેઠળ અને અર્થતંત્ર ૧૮ મહિનાની અગાઉની સરખામણીમાં વધારે સ્થિર છે. વિદેશી સંસ્થાકીય રોકામકારો યુએસ ફેડરલ રિઝર્વના પગલાં ઉપર પણ નજર રાખી રહ્યા છે જે તેના પેકેજમાં કાપ મૂકી શકે છે.**

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

આ લઘુનવલમાં વાચકોનો રસ સાદ્યંત જળવાય એ રીતે લેખક એક પછી એક ઘટના દર્શાવતા જાય છે. એમાં ફ્લેશબેકથી પ્રતાપ જેવા સિદ્ધાંત પરસ્ત માનવીની જિંદગી એવું પરિવર્તન પામતી રહે છે કે પતનની ખાઇમાં પ્રતાપ એક પછી એક પગથિયાં ઉતરતો જાય છે. પોતે મજબુરીથી કરેલાં આવા કાર્યોનો સાચો અંદાજ મળે તે માટે આ ‘કબુલાતનામુ’ લખે છે અને પોતાની પુત્રીને એ પ્રગટ કરવાનું કહે છે.

‘કબુલાતનામુ’ લઘુનવલની નાયિકા અપ્સરા ખ્રિસ્તી છે. વળી એ જે કંઇ કરે છે તે માતા મેરી અને ઇશ્વરપુત્ર ઇસુની સમક્ષ નિખાલસ ‘કન્ફેશન’ કરીને કરે છે. ગમતું ન હોવા છતાં મજબુરીવશ સ્વીકારેલું એ હીણપતભર્યું કૃત્ય પણ ધર્માજ્ઞા સમજીને કહે છે. એથી એને પતિનો દ્રોહ કર્યાની પીડા થતી નથી. વળી એ દેહવિક્રય કરે છે. એ આજીવિકા માટે અને બિમાર, પથારીવશ પતિની મોંઘીદાટ સારવારનો ખર્ચ કાઢવા માટે અને જીવથી એ વહાલા પુત્રને એની વયના બીજા બાળકોની લગોલગ શિક્ષણ આપવાની ઇચ્છા પુરી કરવા માટે તેણે મન અને આત્મા સાથે કેળવેલું આ અણગમતું સમાધાન છે. એક સ્ત્રી તરીકે એને પણ પુરૂષની ભુલ હોય જે એને પ્રતાપ જેવા વિધુરની મૈત્રીમાં સંતોષાતા વરતાય છે. એને પણ દીકરીના અભરખા પુરા કરવાના છે. એ જાણ્યા પછી એ પ્રતાપને સસ્તી કમાણીનો સીધોસટ્ટ રસ્તો બનાવે છે. આટલા વર્ષોના અનુભવ પછી કદાચ અપ્સરા રીઢી બની ગઇ છે. એને આ રીતે આજીવિકા મેળવવામાં છોછ નથી રહ્યો. પ્રતાપ તરફ એને હૃદયનું આકર્ષણ જાગ્યું છે. તેથી એની સમસ્યા હલ કરવા માટેનો સમાંતર શોર્ટકટ બનાવતાં એને ખચકાટ થતો નથી. અહીં લેખકની ‘ક્રિયેટીવ’ કલ્પનાને સંસ્કારી વાચકો કેટલી સ્વીકરે છે અથવા લેખકના મગજની વિકૃતજન્ય કલ્પના ગણી ફગાવી દે છે એ પ્રશ્ન ઊભો થાય છે. જો કે તેની લેખકને કોઇ પરવા નથી. કે વિરોધ નથી. કારણ કે આજની વસમી વિષમતાઓ વચ્ચે બે સાંધા મેળવવા માટે માણસ ક્યારેક આવો વિકલ્પ પણ વિચારે તો એમાં વાંક માણસનો ન ગણાવો જોઇએ.

કબુલાતનામુ ડો. કેશુભાઇ દેસાઇની ગાંધીનગર દેસાઇની પશ્ચાદ્‌ભૂમિ પર આલેખાયેલી લઘુનવલ છે. જેમાં એક સિદ્ધહસ્ત નવલ લેખકની પાત્રોની તાસીર પ્રગટ કરવાની કુશળતા, ઘટનામાં રહસ્યનો તંતુ જાળવી રાખવાનો કસબ અને કથા પ્રવાહને સતત વહેતો રાખવાની ક્ષમતાને કારણે વિશિષ્ટ થીમ ધરાવતી આ કલાત્મક લઘુનવલ ખાસ કરીને સંવેદનશીલ વાંચકો માટે આસ્વાદ્ય બની રહે તેવી છે. આવી સરસ લઘુનવલ આપવા બદલ કેશુભાઇ દેસાઇને અભિનંદુ છું અને લઘુનવલને પ્રેમપૂર્વક આવકારું છું.

*કબુલાતનામુ (લઘુનવલ)*
*લેખક - કેશુભાઇ દેસાઇ*
*પ્રકાશક - આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.*
*‘દ્વારકેશ’ રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર*
*અમદાવાદ-૩૮૦૦૦૧*
*પૃષ્ઠ - ૧૧૨, કિંમત - રૂા. ૧૦૦/-*
*પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩*